# અદ્ભૂત કક્કો અને બારાક્ષરી

Jayantilal Dahyabhai
Patel Charitable Trust

અનુસંધાન

## આવકાર

*અદ્‌ભૂત કક્કો અને બારાક્ષરીનું અનોખું પુસ્તક 'જયંતિલાલ ડાહ્યાભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ' તથા 'અનુસંધાન' ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે તે આવકારદાયક ઘટના છે.*

*ભાઈ શ્રી આરીફ પીરજાદા મૂળ લાઠી, અમરેલીના પરંતુ કચ્છની ભુજપર શાળામાં શિક્ષક તરીકે કામ કરે છે. તેમણે પોતાની સર્જનાત્મક કલાની અભિવ્યક્તિનો ઉપયોગ બાળકોને કક્કો – બારાક્ષરી શીખવવામાં કર્યો અને તે વ્યાપક આવકાર પામ્યો. અનુસંધાનના પ્રીતિ- બિરેનની નજરે તે ચડ્યો અને આ કક્કો – બારાક્ષરી સેંકડો શાળાઓ/ હજારો બાળકો સુધી કેમ પહોંચે તે વિચાર આવ્યો. આ વિચારબીજને 'જયંતિલાલ ડાહ્યાભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના શ્રી બિરેનભાઈ પટેલે આર્થિક સહયોગ આપી પોષણ આપ્યું. આમ શિક્ષણ જગતને આ સુંદર ભેટ મળી સૌને ખૂબ ખૂબ અ ભિનંદન!*

*બોલી અને લિપિ શીખવા- શીખવવાની રીત અલગ હોઈ શકે. સ્વરશાસ્ત્રના નિયમ પ્રમાણે ગોઠવાયેલ કક્કો પોતાની રીતે બરાબર છે પરંતુ વાચન- લેખન માટે નવા અભિગમ પ્રમાણે શીખવા – શીખવાડવાની રીત અમલમાં આવી છે તે પણ બરાબર છે. આ પુસ્તકના હેતુ મુજબ તે પ્રમાણે કર્યું છે તેનો આનંદ! આ પ્રકાશન બિનધંધાદારી અભિગમથી પ્રકાશિત થાય છે અને તેમાં કલાકાર શિક્ષક આરીફભાઈએ કોઈ જ આર્થિક વળતરની અપેક્ષા રાખી નથી. તે અભિનંદનને પાત્ર છે.*

*'જયંતિલાલ ડાહ્યાભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ' અને 'અનુસંધાન' આવા સર્જન કરતા રહો તેવી શુભકામનાઓ સાથે અભિનંદન.*

*- રાજુ દીપ્તિ, જીવનતીર્થ*

*'દરેક વિદ્યાર્થી પોતે મેળે શીખે, ધ્યાન રાખે, એકાગ્ર થાય એ ક્યારે બને?'*
*' એમાં રસ પડે ત્યારે. '*

**- પૂજ્ય શ્રીમોટા**

*બાળકોને આ સચિત્ર રંગીન પુસ્તક હંમેશા રસપ્રદ રીતે વાંચવાનું ગમશે તે આશા સાથે*

*-બિરેન પટેલ.*
biren@jayantstones.com

**રેખાંકન: આરીફ આઈ. પીરજાદા.**
**સંપાદન અને ગોઠવણી** - *પ્રીતિ, 'અનુસંધાન'*

**શૈક્ષણિક કાર્યક્રમ અંતર્ગત વિતરણ હેતુ**
**પ્રથમ આવૃત્તિ : ૩૦૦૦ નકલ**
**પ્રકાશક:** *'જયંતિલાલ ડાહ્યાભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ'*

*ફોન: +૯૧ ૯૫૫૮૮૨૬૪૯૪*
Email: pritibiren@gmail.com


*સહયોગ રાશી : ૫૦ ₹*

નામ: ______________________________

# ક





ક - કમળ, કબૂતર  કા - કાતર, કાબર  કિ - કિનારો, કિવી  કી - કીડી, કીટલી
કુ - કુહાડી, કુદરતી દ.  કૂ - કૂતરું, કૂકર  કે - કેરી, કેળ  કૈ - કૈલાશ પર્વત
કો - કોયલ, કોટ  કૌ - કૌતૂહલ  કં - કંદોઇ, કંકોતરી  કઃ - કઃ




# ખ





ખ- ખટારો, ખલ
ખા- ખાટલો, ખાતાબુક
ખિ- ખિસકોલી, ખિલખિલાટ
ખી- ખીલી, ખીર
ખુ- ખુશ, ખુરશી
ખૂ- ખૂરપી, ખૂણો
ખે- ખેડૂત, ખેતર
ખૈ- ખૈડ, ખૈડિયું
ખો- ખોબો, ખોદકામ
ખૌ- ખૌફ
ખં- ખંજરી, ખંભાતી તાળું
ખઃ ખઃ




# ગ


ગધેડું
ગણપતિ
ગાડું
ગાજર
ગીટાર
ગીધ
ગુજરાત
ગુલાબ
ગૂડિયા
ગૂંચ
ગોળાકાર
ગેટ
ગેડીદડો
ગોટલી
ગૌમાતા
ગૌશાળા
ગિરનાર
ગીલીદંડો
ગંગા નદી
ગ - ગણપતિ, ગધેડું
ગા - ગાડું, ગાજર
ગિ - ગિટાર, ગિરનાર
ગી - ગીધ, ગીલ્લીદંડો
ગુ - ગુજરાત, ગુલાબ
ગૂ - ગૂડિયા, ગૂંચ
ગે - ગેટ, ગેડીદડો
ગૈ - ગૈ
ગો - ગોળાકાર, ગોટલી
ગૌ - ગૌશાળા, ગૌમાતા
ગં - ગંગા, ગંગાધર
ગઃ ગઃ


GA

# ઘ






ઘ- ઘર, ઘડિયાળ ઘા- ઘાસ, ઘારી ઘિ- ઘિસોડું, ઘિલેંરી

ઘી- ઘી, ઘી-કેળાં ઘુ- ઘુમ્મટ, ઘુંઘટ ઘૂ- ઘૂઘરી, ઘૂડખર


ઘે- ઘેટું, ઘૈરૈયો ઘૈ- ઘૈંયું ઘો- ઘોડો, ઘોડિયું

ઘૌ- ઘૌ ઘં- ઘંટડી, ઘંટી ઘઃ ઘઃ



# ચ





ચ - ચકલી, ચમચી　ચા - ચા, ચાકડો　ચિ - ચિત્ર, ચિઠ્ઠી


ચી - ચીકુ, ચીપિયો　ચુ - ચુમોતેર, ચુપ　ચૂ - ચૂનો, ચૂલો

ચે - ચેરી, ચેસ　ચૈ - ચૈત્ર, ચૈત્ય　ચો - ચોકલેટ, ચોક

ચૌ - ચૌદ, ચૌહાણ　ચં - ચંદ્ર, ચંપલ　ચઃ ચઃ



# છ





છ - છત્રી, છ　　છા - છાલ, છાપરું　　છિ - છિદ્ર, કોછિયો


છી - છીપ, માછીમાર　　છુ - છૂટ, છુકછુક ગાડી　　છૂ - છુપાવું, છૂપાછૂપી

છે - છેકછાક, છેડો　　છૈ - છૈયા, છૈયાંછોકરાં　　છો - છોડ, છોકરી

છૌ - છૌ　　છં - છંદ, છંછેડવુ　　છં - છઃ



# જ





જ - જમરૂખ, જગ　જા - જાડો, ધજા　જિ - જિરાફ, જિલ્લો

જી - જીરું, જીભ　જુ - જુવાર, જુલાઇ　જૂ - જૂઇ, જૂથ

જે - જેટવિમાન, જેલ　જૈ - જૈન, જૈમિન　જો - જોકર, જોવું

જૌ - જૌહરી, જૌહર　જં - જંગલ, જંક્શન　જઃ જઃ



# ઝ





ઝ - ઝભલું, ઝરણું ઝા - ઝાડ, ઝાલર ઝિ - ઝિબ્રા, ઝિબ્રાક્રોસિંગ


ઝી - ઝીપ, ઝીટીવી ઝુ - ઝુમખું, ઝુમ્મર ઝૂ - ઝૂલો, ઝૂ

ઝે - ઝેરીદવા, ઝેરીસાપ ઝૈ - ઝૈલ, ઉઝૈર ઝો - ઝોળી, ઝોકું


ઝૌ - ઝૌ ઝં - ઝંડો, ઝંઝેડવું ઝઃ ઝઃ




# ટ





| | | |
|---|---|---|
| ટ - ટપાલી, ટમેટું | ટા - ટાઈમટેબલ, ટાઈ | ટિ - ટિફીન, ટિકમાર્ક |
| ટી - ટીટોડી, ટીવી | ટુ - ટુવેલ, ટુકડો | ટૂ - ટૂથબ્રશ, ટૂથપેસ્ટ |
| ટે - ટેબલલેમ્પ, ટેનિસ બૉલ | ટૈ - બટૈર | ટો - ટોપી, ટોર્ચ |
| ટૌ - કટૌતી, ટૌકાર | ટં - ટમ્બલર, ટંગસ્ટન | ટઃ ટઃ |





# ઠ




| | | |
|---|---|---|
| ઠ - ઠગ, ઠળિયો | ઠા - ઠામ, ઠાગાઠૈયા | ઠિ - ઠિપ, ઠિંગુજી |
| ઠી - ઠીકરું, ઠીબું | ઠુ - ઠુંઠું, ઠુઠવાવવું | ઠૂ - ઠૂમકો બુઠ્ઠું |
| ઠે - ઠેકડો, ઠેકાણું | ઠૈ - ઠૈયા | ઠો - ઠોઠ, કોઠો |
| ઠૌ - કઠૌતી | ઠં - ઠંડી, ઠંડું | ઠઃ ઠઃ |



# ડ





ડ - ડગલો, ડમરું   ડા - ડાળ, ડાઘિયાં   ડિ - ડિઝાઇન, ડિશ


ડી - ડીઝલ, ડીલીટ કી   ડુ - ડુગડુગિયું, ડુંગર   ડૂ - ડૂચા, ડુંગળી

ડે - ડેન્જર, ડેરીફાર્મ   ડૈ - ડૈ   ડો - ડોક, ડોલર

ડૌ - ડૌ   ડં - ડંકી, ડંગોરો   ડઃ ડઃ



# ઢ





ઢ - ગઢ, ઢગલો　　ઢા - ઢાળ, ઢાલ　　ઢિ - ઢિંગલી, કઢિ


ઢી - ઢીલ, કઢી　　ઢુ - મઢુલી, ઢુકવુ　　ઢૂ - ઢૂસો, ઢૂંબો

ઢે - ઢેલ, ઢેબરા　　ઢૈ - ઢૈ　　ઢો - ઢોલ, ઢોકળા

ઢૌ - ઢૌ　　ઢં - ઢંકાયેલું, ઢંઢેરો　　ઢઃ ઢઃ



# ણ




ણ - બાણ, ફેણ   ણા - હરણાં, બારણાં   ણિ - મણિ, ગણિત

ણી - લપસણી, બરણી   ણુ - ઝરણું, ચોગણું   ણૂ - કૂણું ઘાસ, તાપણું


ણે - માણેક, તરણેતર   ણૈ - ણૈ   ણો - તોરણો, ચરણો

ણૌ - ણૌ   ણં - શરણં   ણઃ - ણઃ

ણ ṆA

ણ ણ ણ ણ

# ત





ત - તલવાર, તપેલી  તા - તાડ, તાજમહેલ  તિ - તિજોરી, તિરાડ


તી - તીર, તીતીઘોડો  તુ - તુલસી, તુલા  તૂ - તૂરી

તે - તેજ. તેલિબીયા  તૈ - તૈલચિત્ર, તૈયાર  તો - તોરણ, તોપ

તૌ - તૌફીક  તં - તંબુ, તંબૂરો  તઃ - તઃ



# થ





થ - થડ, થરમોસ    થા - થાળી, વાજું    થિ - થિયેટર, થિગડું


થી - હાથી, કાથી    થુ - થુલી, ભાથું    થૂ - થૂ

થે - થેપલા, થેલી    થૈ - થૈ    થો - થોર, થોકડી


થૌ - થૌ    થં - થંભવુ, થંભાવવુ    થઃ થઃ




# દ




| | | |
|---|---|---|
| દ - દડો, દફતર | દા - દાડમ, દાદાજી | દિ - દિશાઓ, દિવાલ |
| દી - દીપક, દીવાસળી | દુ - દુકાન, દુકાનદાર | દૂ - દૂધ, દૂધરાજ |
| દે - દેડકો, દેવતા | દૈ - દૈવગતિ, દૈનિક | દો - દોડવું, દોરો |
| દૌ - દૌહિત્ર, | દં - દંતમંજન, દંતકથા | દઃ દઃ |



# ધ




ધ - ધજા, ધનુષ    ધા - ધાબળો, ધાબું    ધિ - ધિરાણ, ધિક્કાર

ધી - ધીમું, ધીરજ    ધુ - ધુમાડો, ધુળેટી    ધૂ - ધૂપસળી, ધૂમ્રપાન મનાઈ


ધે - ધેર્ય, ધેનુ    ધૈ - ધૈર્યવાન, ધૈર્ય    ધો - ધોરણ, ધોબી

ધૌ - ધૌ    ધં - ધંધાર્થી, ધંધાકીય    ધઃ - ધઃ


ધ DHA

ધ ધ ધ ધ


# ન





| | | |
|---|---|---|
| ન - નગારું, નકશો | ના - નાક, નાગરવેલ | નિ - નિશાળ, શનિવાર |
| ની - નીલો રંગ | નુ - ધનુષ, નુસખો | નૂ - નૂતનવર્ષ, નૂડલ્સ |
| ને - નેમપ્લેટ, નેત્ર | નૈ - નૈયા, નૈવેદ્ય, નૈસર્ગિક | નો - નોળિયા, નૌકા |
| નૌ - નૌકા, નૌકાવિહાર | નં - નંદકિશોર, નંબર | નઃ - નઃ |




# પ





પ - પતંગ, પપૈયું
પા - પાન, પાકિટ
પિ - પિચકારી, પિત્ઝા
પી - પીલું, પીંછું
પુ - પુચ્છપગુચ્છ, પુરાણ
પૂ - પૂનમ, પૂરીશાક
પે - પેઇન્ટીંગ, પેજ
પૈ - પૈસા, પૈડું
પો - પોપટ, પોટલું
પૌ - પૌષ, પૌંઆ
પં - પંખી, પંખો
પઃ પઃ




# ફ





| | | | |
|---|---|---|---|
| ફણસ | ફળ | ફાઇલ | ફાનસ |
| ફિલ્મ | ફિલ્ટર | ફીરકી | ફુવારો |
| ફુટપટ્ટી | કોફી | ફીરકી | ફૂલ |
| ફુગ્ગો | ફેરીયો | ફેફસા | ફોન |
| ફૈજ | ફૈયાજ | ફોટો | ફૌજી |
| ફંકશન | ફંડ | ફઃ | |




# બ




બ - બતક, બકરી
બા - બાજ, બાગ
બિ - બિલાડી, બિસ્કીટ
બી - બીલીપત્ર, બીટ
બુ - બુલબુલ, બુલેટટ્રેન
બૂ - બૂમ, બૂટ
બે - બેટ, બે, બૅંઝિક
બં - બંદૂક, બંસરી
બો - બોર, બોંતેર
બૌ - બૌદ્ધ, બૌદ્ધિક
બઃ બઃ



# ભ






ભ - ભમરડા, ભમરો ભા - ભાગાકાર, પાંઉભાજી ભિ - ભિખારી, ભિક્ષા

ભી - ભીંત, છોટા ભીમ ભુ - ભુલભુલામણી, ભુજંગ ભૂ - ભૂગોળ, ભૂકંપ

ભે - ભેટ, ભેંશ ભૈ - ભૈરવ, ભૈયા ભો - ભોળપણ, ભોજન

ભૌ - ભૌમિતિક, ભૌતિક ભં - ભંડાર, ભંગાર ભઃ ભઃ








મ - મરચું, મગર મા, માટલું, માઈલસ્ટોન મિ - મિસાઈલ, મિક્ષર

મી - મીણબત્તી, મીઠું મુ - મુકુટ, મુખપત્ર મૂ - મૂછ, મૂર્તિ


મે - મેઘધનુષ્ય, મેથી મૈ - મૈના, મૈત્રી મો - મોચી, મોજડી

મૌ - મૌલિક, મૌન મં - મંગળ, મંજીરા મ: મ:



# ય




ય - યતિ, યજ્ઞ　યા - યાક, રથયાત્રા　યિ - યિર્ટોબિયમ


યી - યીસ્ટ (ફૂગ)　યુ - યુગ્મકોણ, યુનિવર્સિટી, યુરિયા　યૂ - યૂથ

યે - યેનકેન, યેન　યૈ - યૈ　યો - યોગ

યૌ - યૌદ્ધો, યૌવન　યં - યાંત્રિક, યંત્ર　યઃ યઃ

ય YA

# ર





ર - રમકડું, રતાળું   રા - રાખડી, રાચરચીલું   રિ - રિક્ષા, રીમોટ


રી - રીંછ, રીંગણા   રુ - રુઆબ, તરુ   રૂ - રૂમાલ, રૂપિયો

રે - રેલગાડી, રેતી   રૈ - રૈવતક   રો - રોટલી, રોડ

રૌ - રૌદ્ર, રૌપ્ય   રં - રંગ, રંગબેરંગી   રઃ  રઃ



# લ




લ - લક્કડખોદ, લસણ લા - લાકડું, લાઉડસ્પીકર લિ - લિપી, લિટર


લી - લીમડો, લીંબૂ લુ - લુહાર, લુગ લૂ - લૂમખું

લે - લેખન, લેટરબોક્ષ લૈ - લૈ લો - લોકેશન લોગો

લૌ - લૌકિક લં - લંબગોળ, લંચ લઃ લઃ



# વ




વ - વહાણ, વડ  વા - વાદળ, દવા  વિ - વિષ, સુવિચાર


વી - વીંછી, વીંઝણો  વુ - વુલ  વૂ - વૂ

વે - વેલણ, વેલ  વૈ, વૈદરાજ, વૈશાખ  વો - કૂવો, દીવો

વૌ - વૌ  વં - વંદન, વંટોળ  વઃ  વઃ



# સ





**સ** - સસલું, સગડી **સા** - સાઈકલ, સાઉન્ડ **સિ** - સિંહ, સિક્કો


**સી** - સીતાફળ, સીમકાર્ડ **સુ** - સુગરી, સુડતાળીસ **સૂ** - સૂર્ય, સૂટકેશ

**સે** - સેફટીપીન, સેલોટેપ **સૈ** - સૈન્ય, સૈંકો **સો** - સો, સોફા

**સૌ** - સૌંદર્ય, સૌરઊર્જા **સં** - સંખ્યા, સંગીત **સઃ** સ



# શ





શ - શરણાઈ, શરબત    શા - શાહમૃગ, શાર્ક    શિ - શિખર, શિક્ષક


શી - શીર્ષાસન, શીંગ    શુ - શુક્રવાર, શુભસવાર    શૂ - શૂન્ય, શૂર્પ

શે - શેતરંજી, શેરડી    શૈ - શૈલજા, શૈક્ષણિક    શો - સુશોભન


શૌ - શૌર્યગીત    શં - શંખ, શંકુ    શઃ શઃ




# ષ





| | | | | |
|---|---|---|---|---|
| ષટ્કોણ | મૂષક | અષાઢ | ભાષા | ઋષિ |
| સપ્તર્ષિ | માનુષી | આયુષી | સુષુપ્ત | |
| અભિષેક | ષૈ | ષો | ષૌ | ષં |
| ષઃ | સૌરાષ્ટ્ર | મહારાષ્ટ્ર | શ્રેષ્ઠ | વશિષ્ઠ |




# હ





| | | |
|---|---|---|
| હ - હરણ, હળ | હા - હાર, હાજરીપત્રક | હિ - હિમશીલા, હિમાલય |
| હી - હીટર, હીરો | હુ - હુક્કો | હૂ - હૂક |
| હે - હેલિકોપ્ટર, હેલ્લો | હૈ - હૈયું | હો - હોકાયંત્ર, હોકી |
| હૌ - હૌ | હં - હંસ | હઃ હઃ |



# ળ





હળ નળ ગોળાકાર વાદળાં કળિ

ઢળિયું હથેળી તાળી જાળું તાળું

કેળૂં પાતળૂ તળેલું મેળો કાળો રંગ


મૂળો ળાઁ ચાકળો ળં ળઃ




# ક્ષ




| | | | | |
|---|---|---|---|---|
| ક્ષત્રિય | વૃક્ષ | દિક્ષા | રક્ષાબંધન | દિક્ષિતા |
| ક્ષિતિજ | પક્ષી | ક્ષીર | ચક્ષુ | ભિક્ષુક |
| ક્ષૂપ | ક્ષેત્રફળ | દક્ષેશ | ક્ષૈ | ક્ષોભ |
| ક્ષૌ | અક્ષાંશ | ક્ષં | ક્ષઃ | |




# જ્ઞ





યજ્ઞ જ્ઞાન જ્ઞાની પ્રજ્ઞાવર્ગ જિજ્ઞાસા

જ્ઞાનદિપ વૈજ્ઞાનિક જ્ઞાનમુદ્રા જ્ઞ જ્ઞા

જ્ઞિ જ્ઞી જ્ઞુ જ્ઞૂ જ્ઞે જ્ઞૈ જ્ઞો જ્ઞૌ જ્ઞં




# ઋ




| | | | |
|---|---|---|---|
| ઋષિ | ઋતુ | ઋચા | ઋગ્મી |
| ઋષભ | નૈઋત્ય | ઋત્વીક | ઋગ્વેદ |
| ઋતુંભરા | ઋષિકેશ | ઋતુરાજ | ઋત્વા |
| વસંતઋતુ | ગ્રીષ્મઋતુ | ઋતુવર્ણન | ઋતુઓ |
| શિશિરઋતુ | વર્ષાઋતુ | શરદઋતુ | ઋષિપંચમી |

# શ્ર




શ્રમ શ્રવણ શ્રમિક આશ્રમ શ્રાવણ


શ્રાપ આશ્રિત મિશ્રિત શ્રીફળ શ્રીમતી

શ્રીકાંત શ્રુત શ્રુતલેખન બહુશ્રુત અશ્રુપાત


અશ્રુ શ્રેષ્ઠ શ્રેયશ શ્રોતા શ્રોતાગણ

શ્રૈ શ્રૌત આશ્ચર્ય પશ્ચિમ શ્રં શ્રઃ


# ત્ર




| | | | | |
|---|---|---|---|---|
| ત્રણ | ચિત્ર | ત્રાસ | ત્રાજવા | ત્રિશૂલ |
| ત્રિપાઇ | ત્રીજ | કંકોત્રી | શત્રુ | ત્રુટક |
| ત્રૂઇ | ત્રૂઠવું | ત્રેપન | રાત્રે | ત્રૈક |
| ત્રૈમાસિક | ત્રોફાં | સુત્રો | ત્રોટક | ત્રૌ |
| ત્રંબકેશ્વર | ત્રંબક | ત્રઃ | | |



# અ




અન્ન અણિ અપ્પુ અગ્નિ અનાજ


અથાણું અગાશી અવાજ અષાઢ અક્ષર

અઢાર અદ્વૈત અડધું અજમો અનાનસ

અજગર અભ્યાસ અજવાળું અશોકચક્ર

અભયારણ્ય અગરબત્તી અનુસંધાન અક્ષયપાત્ર

# આ




આઠ આદુ આગ આંખો આંબો

આકાર આવાસ આગિયો આસન આકાશ

આંગળી આલ્બમ આગબોટ કાકાકૌઆ આઇપેડ

આમ્રફળ આર્યભટ્ટ આઇસ્ક્રીમ આતશબાજી આગગાડી

આર્કિટેક્ટ આભારદર્શન આમંત્રણપત્રિકા

# ઈ




ઈલા ઈન્ક ઈસ્ત્રી ઈંચ ઈયળ ઈનામ

ઈડર લાઈટ ઈન્ડિયા ઈન્કપેન ઈરેઝર ઈમારત

ઈલાયચી ઈકોતેર સાઈકલ ડ્રાઈવર રસોઈયો


આઈસક્રીમ માઈક્રોફોન ઈંજેક્શન ટાઈમટેબલ મોબાઈલફોન

# ઈ




ઈસ ઈખ જૂઈ ઈંટ ઈદ
ઈડલી ઈશાન ઈંધણ ચોખ્ખાઈ કથ્થઈ
મકાઈ મીઠાઈ માઈલ ભાઈબંધ ઈદગાહ
ભાઈબીજ શરણાઈ ઈસવીસન મીઠાઈવાળો કાબરબાઈ
માઈલસ્ટોન સ્પાઈડરમેન ફાયરફાઈટર સિલાઈમશીન...

# ઉ




ઉષા ઉલ્કા ઘઉં પાઉચ ભાઉ..ભાઉ..


ઉદય ઉપર ઉત્તર ઉકાળો ઉંદર

ઉનાળો ડ્રાઉ.. ડ્રાઉ. ઉપવન ઉતરડ ઉપગ્રહ

ઉંદરડો ઉકાઈડેમ ઉત્તરાયણ મ્યાઉં. મ્યાઉં..


ઉગમણું પાઉચ ઉભયચર ઉડતાળીસ(અડતાળીસ)

# ઊ





ઊન ઊર્જા ઊષા ઊંઘ ઊંચે ઊધઈ ઊંટ
ઊંચાઈ ઊડવું ઊજળું સૌરઊર્જા પવનઊર્જા
ઊંચીકૂદ ઊંચુપ્રાણી ઊંચુંઝાડ ઊંટગાડી
ઊંડામૂળ ઊગાવુ ઊડનાખટોલા ઊષ્ણતામાપકયંત્ર

# એ




એક એડી એરણ એલચી એસિડ
એશિયા એપ્રિલ એકતા એન્જિન એમ
એકતારો એકવીસ એકત્રીસ એકતાળીસ એરોપ્લેન
એન્જિનીયર એમ્બ્યુલન્સ એલ્યુમિનિયમ એરકન્ડિશનર

# ઐ





ઐંટ ઐના ઐલ ઐક્ય ઐહિક

ઐયર ઐકાગ્ર ઐયામ ઐશાની ઐયારી

ઐશ્વર્ય ઐહિકતા ઐરાવત ઐતરેય ઐરાવતી

ઐકપદિક ઐતિહાસિક

# ઓ




ઓમ ઓટ ઓખા ઓજાર ઓખલી

ઓઇલ ઓશીકું ઓછાડ ઓફીસ ઓઢવું

ઓઢણી ઓટલો ઓગસ્ટ પંખીઓ ડાળીઓ

ઓગણીસ ઓટોરીક્ષા ઓલપાડ ઓતરાદું

ઓઝોન ઓઇલમીલ ઓક્ટોબર ઓગણત્રીસ

# ઔ




ઔષધ ઔકાર ઔરસ ઔરત


ઔઠ ઔસ ઔકાત ઔષધિ

ઔદાર્ય ઔષ્ઠય ઔષધિય ઔષધિય

ઔપચારિક ઔષધશાસ્ત્રી ઔષધાલય

ઔષધશાળા ઔષધવિજ્ઞાન

# અં




અંક અંગો અંત અંબાડી અંકુર


અંકુશ અંગૂઠો અંગ્રેજી અંતર અંદર

અંગારો અંધારુ અંકિત અંજાર અંદાજ

અંજીર અંગરખું અંતરીક્ષ અંકલેશ્વર

અંગરક્ષક અંજળપાણી

# અઃ




મનઃ નમઃ અંતઃ શાંતઃ અંશાતઃ

અંતઃકરણ અંતઃકોણ મનઃકામના અંતઃપુર

કઃ ખઃ ગઃ ઘઃ ચઃ છઃ જઃ

ઝઃ ટઃ ઠઃ ડઃ ઢઃ ણઃ તઃ

થઃ દઃ ધઃ નઃ પઃ ફઃ બઃ

ભઃ મઃ યઃ રઃ લઃ વઃ શઃ

ષઃ હઃ ળઃ ક્ષઃ જ્ઞઃ અઃ

## જોડણી કોષ આધારિત કક્કો :

### વ્યંજન

ક ખ ગ ઘ ચ છ જ ઝ ટ ઠ ડ ઢ

ણ ત થ દ ધ ન પ ફ બ ભ મ ય

ર લ વ શ ષ સ હ ળ ક્ષ જ્ઞ

### સ્વર

અ આ ઈ ઈ ઉ ઊ એ

ઐ ઓ ઔ અં અઃ ઋ

## પાઠ્ય પુસ્તક આધારિત કક્કો :

ન મ ગ જ    વ ર સ દ    ક બ અ છ

પ ડ ત ણ    લ ટ ચ ખ    ઝ ઘ હ ળ

ઢ ઠ શ થ

નમસ્તે મિત્રો,

આ પુસ્તક બાળકોના હાથમાં મુકતા આનંદ અનુભવીએ છીએ. બાળકો વાલીઓ અને શિક્ષકો આ પુસ્તકનો સર્જનાત્મક ઉપયોગ કરે એવી આશા સાથે અમે 'અદ્‌ભૂત કક્કો અને બારાક્ષરી' પુસ્તક સ્વરૂપે તૈયાર કર્યું છે.
ભાષા શિક્ષણનો સ્વાભાવિક ક્રમ શ્રવણ કથન અને પછી વાચન - લેખન છે. પહેલાંના વખતમાં જ્યારે લિપિ એટલી પ્રચલિત નહોતી ત્યારે સ્વાભાવિક રીતે જ બોલી અસ્તિત્વમાં હતી અને જ્ઞાન શ્રૃતિ- સ્મૃતિ પરંપરાથી વહેંચાતું - સચવાતું આજે, પણ હજારો બોલીઓ એવી છે કે જેને પોતાની લિપિ નથી.

ગુજરાતી કક્કાની રચના બોલી પર આધારિત હોવાથી તેની રચના સ્વરશાસ્ત્ર અનુસાર ગોઠવાઈ છે અને તે શાસ્ત્રીય રીતે બરાબર છે. કક્કાની રચનામાં વ્યંજનોની ગોઠવણી તેના ઉચ્ચારણ વખતે શ્વાસોચ્છવાસની હવા જ્યાં પણ અટકી અથવા ઘસાઈને અથડાઈને બહાર આવે છે તે સ્થાન પરથી વર્ગીકૃત કરાયા છે. જે નીચે પ્રમાણે છે.

| વર્ગ | નામ | ઉચ્ચાર સ્થાન | વ્યંજનો |
|---|---|---|---|
| ક- વર્ગ | કંઠ્ય કે કંઠ-સ્થાની | ગળું | ક ખ ગ ઘ<br>કંઠના સ્થાને જીભ અટકે |
| ચ - વર્ગ | તાલવ્ય કે તાલુ સ્થાની | તાળવું | ચ છ જ ઝ તાળવા<br>પાસે જીભ અટકે |
| ટ - વર્ગ | મૂર્ધન્ય કે મૂર્ધા સ્થાની | તાળવાની નીચે અને<br>દાંતની ઉપરનો ભાગ | ટ ઠ ડ ઢ ણ<br>મૂર્ધાસ્થાને જીભ અટકે |
| ત - વર્ગ | દંત્ય કે દંત - સ્થાની | દાંત | ત થ દ ધ ન<br>દાંતના સ્થાને જીભ અટકે |
| પ - વર્ગ | ઔષ્ઠ્ય કે ઓષ્ઠ સ્થાની | હોઠ | પ ફ બ ભ મ<br>હોઠના સ્થાને હવા અટક |
| અર્ધસ્વર | | | ય ર લ વ |
| ઊષ્માસ્વર | | | શ ષ સ |

બાળકને વાંચતા-લખતા શીખવતી વખતે ધ્વનિચિત્ર ઓળખ અને શબ્દવાચનમાં સરળતા રહે તથા તે ઝડપથી શીખે તે માટે છેલ્લા કેટલાક વર્ષોથી અક્ષરજ્ઞાન, શબ્દવાચન-લેખનની પદ્ધત્તિમાં ફેરફાર કરાયો છે અને નવી પદ્ધતિ વિકસાવાઈ છે. અનુભવની કસોટીએ પણ આ પદ્ધતિ વધુ સરળ, ઝડપી અને કારગર નીવડી છે. ભારતભરમાં અનેક ભાષાઓમાં વાચન- શિક્ષણ માટે આ પદ્ધતિને શિક્ષણ શાસ્ત્રીઓએ અને સરકારોએ સ્વિકૃતિ આપી છે.

અત્યારે સાંપ્રત સમયમાં **ન મ ગ જ** થી જ્યારે ધ્વનિ ઓળખ, શબ્દ તોડજોડની પ્રક્રિયા પછી અક્ષરો કાગળ પર છૂટા લખીને આપીએ તો બાળક જાતે તેમાંથી પ્રવૃત્તિ દ્વારા ઘણાં શબ્દો બનાવી શકે છે.

જેમ કે; નમ, મન, મગ, જગ, જમ, ગમ, ગજ, મગન, જન, નમન, ગમન, મગજ, જનમ. જો આ અક્ષરો સાથે ફક્ત કાનો જ શીખાવવામાં આવે તો તો ઘણાં જ શબ્દો બને છે. તમે જ પ્રયત્ન કરો અને નોટમાં નોંધો. વ ર સ દ ના જોડાવાથી તો બાળકને જાણે શબ્દભંડોળમાં કેટલોય વધારો થયેલ જણાય છે. આ કારણસર નવા અભિગમ પ્રમાણે કક્કો શીખવવો વધુ યોગ્ય જણાય છે.

પરંપરાગત વર્ણમાળાની આ મર્યાદા છે કે **ક ખ ગ ઘ** ચાર અક્ષરો લઈને શબ્દ બનાવવા પ્રયત્ન કરીએ તો ઘણાં પ્રયત્ન બાદ એક શબ્દ બને **' ખગ'** જેનો અર્થ બાળકને તો ખબર જ નથી. રોજીંદા જીવનમાં વપરાતા, જાણીતા શબ્દમાંથી એ શબ્દ નથી. તેથી તેને ગોખાવવુ કે યાદ કરાવવું પડે છે.

આ પુસ્તકમાં નવા અભિગમ પ્રમાણે **ન મ ગ જ** થી શરુઆત કરી છે. અંતમાં જોડણીકોશ પ્રમાણે ક્રમવાર **ક ખ ગ ઘ** આપેલ છે. કારણ જોડણીકોશમાં શબ્દોના અર્થ કે જોડણી શોધવી હોય તો એ મૂળ વર્ણમાળા આવડવી પણ જરૂરી છે.

પ્રીતિ બિરેન
અનુસંધાન

આપના સૂચનો અને સર્જનાત્મક,
સકારાત્મક અવલોકનો આપેલ
મેઈલ આઈડી પર આવકાર્ય છે.
Email: pritibiren@gmail.com

પ્રાપ્તિ સ્થાન: ‘અનુસંધાન’
૧૬/એ સર્વોદય સોસાયટી,
રામનગર, સાબરમતી,
અમદાવાદ - ૩૮૦૦૦૫
મો.: નંબર ૯૫૫૮૮૨૬૪૯૪
Email: pritibiren@gmail.com